GJVD130001812025

**<u>મે. પ્રીન્સીપાલ સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (એમ.એમ.સૈયદ) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ. શિનોર, જી. વડોદરા.</u>**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૪–૨૦૨૫**

**આંક -**

**ફરીયાદી :– NAGIREDDIGARI VENKATESARA REDDY**

**વિરુધ્ધ**

**આરોપી :– શ્રી સરકાર**

**(વિ.એ.પી.પી.શ્રી સુનિલભાઇ પ્રજાપતી)**

**ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી :– એસ.એ.અખાઈ**

**સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી :– સુનિલભાઇ પ્રજાપતી**

**–:: <u>આંક–૧ તળે હુકમ</u> ::–**

(૧) પોકારતા અરજદાર કે તેમના વિ.વ.શ્રી હાજર નથી. આ કામના અરજદારે હાલની અરજી બેન્ક ખાતુ અનફ્રીજ કરવા તા.૧૩/૦૨/૨૦૨૫ ના રોજ દાખલ કરેલ છે.

(૨) સદર અરજનાં કામે આંક–૪ થી તપાસ કરનાર અધિકારી દ્વારા અરજદારની અરજી ફાઈલે કરતો રીપોર્ટ કરવામાં આવેલ છે. જેની સામે અરજદાર દ્વારા કોઈ વાંધા રજુ કરવામાં આવેલ નથી કે હાજર પણ રહેલ નથી. વધુમાં સદર કામે અરજદાર તા.૦૫/૦૩/૨૦૨૫ ના રોજથી ગેરહાજર છે. જેથી હાલના કામે તા.૦૭/૦૨/૨૦૨૬ ના રોજ આંક–૧ તળે નીચે મુજબનો હુકમ કરવામાં આવેલ હતો. ‘‘પોકારતા અરજદાર કે અરજદારના વિ.વ.શ્રી હાજર નથી. સદર કામે આંક–૪ થી તપાસ કરનાર અધિકારી અ.મ.સ.ઈ. આર.ટી.રાઠવા નાઓએ અરજદારની અરજી ફાઈલે કરવામાં આવેલ હોવાનો

રીપોર્ટ કરેલ છે. જે રીપોર્ટ તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજનો છે. ત્યારબાદ બે મુદ્દતો પડવા છતાં ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી. ફરિયાદીનાં અભાવે સદર કામ આગળ ચાલતુ ન હોય, સદર પરચુરણ અરજી ડી.ડી. કેમ ન કરવી તેની સુણાવણી માટે રાખવાનો હુકમ કરવામાં આવે છે.'' અરજદાર કે તેઓના વિ.વ.શ્રી સદર અરજ ડી.ડી. કેમ ન કરવી તેની સુનાવણી માટે પણ હાજર રહેલ નથી. તેમને સદર ફોજદારી પરચુરણ અરજ ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી. આમ, જ્યારે અરજદાર અરજી દાખલ થયાથી આજ દિન સુધી કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી, સદરહુ અરજ એક વર્ષ ઉપરાંતથી પેન્ડીંગ હોય, ચલાવવાપાત્ર જણાઈ આવતી નથી. જેથી ફરિયાદીની કારણ વગરની ગેરહાજરીને કારણે સદર પરચુરણ અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૯ હેઠળ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી કાઢી નાખતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**૧.** સદરહું ફોજદારી પરચુરણ અરજ ડીસમીસ ફોર ડીફોલ્ટ (ડી.ડી) કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**૨.** સદરહું કેસના હુકમ સમયે જો કોઇ અરજી ફીકસ ફોર હીયરીંગ ઉપર એટલે કે સાંભળવા ઉપર હોય તો તે આથી કેંસલ ગણવી.

**૩.** ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ **૦૬**, માહે **માર્ચ**, સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૬/૦૩/૨૦૨૬
સ્થળ : શિનોર.

**(મેહજબીનબેગમ મેહબુબમીયાં સૈયદ)**
પ્રીન્સીપાલ સીવીલ જજ તથા
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક., શિનોર.
જજ કોડ - જીજે ૦૧૪૫૨

A.R.RATHVA (Guj. Steno)